દયામ્ભસા કૃતસ્નાનઃ સંતોષશુભવસ્ત્રભૃત્
વિવેકતિલકભ્રાજી ભાવનાપાવનાશયઃ (૨૯-૧)

<u>શબ્દાર્થ</u>: દયામ્ભસા = દયા + અમ્ભસા = દયારૂપી જળ વડે; કૃતસ્નાનઃ = જેણે સ્નાન કર્યું છે; સંતોષશુભવસ્ત્રભૃત્ = સંતોષરૂપી શુભવસ્ત્રોને ધારણ કરનાર, વિવેકતિલકભ્રાજી = વિવેકરૂપી તિલકથી શોભતો, ભાવનાપાવનાશયઃ = ભાવનાઓથી પવિત્ર આશયવાળો

<u>શ્લોકાર્થ</u>: દયારૂપી જળથી સ્નાન કરનાર, સંતોષરૂપી ઉજ્જવલ વસ્ત્રોને ધારણ કરનાર, વિવેકરૂપી તિલકથી શોભતો, ભાવનાઓથી પવિત્ર આશયવાળો ——

ભક્તિશ્રદ્ધાનઘુસૃણોન્મિશ્રપાટીરજદ્રવૈઃ
નવબ્રહ્માંગતો દેવં શુદ્ધમાત્માનમર્ચય (૨૯-૨)

<u>શબ્દાર્થ</u>: ભક્તિશ્રદ્ધાન = ભક્તિ અને શ્રદ્ધારૂપ; ઘુસૃણોન્મિશ્ર = કેસર મિશ્રિત, પાટીરજદ્રવૈઃ = ચંદનરસ વડે, નવબ્રહ્માંગતો = નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપી; દેવં = દેવની, શુદ્ધં = શુદ્ધ; આત્માનં = આત્મરૂપ; અર્ચય = પૂજા કર.

<u>શ્લોકાર્થ</u>: ભક્તિ અને શ્રદ્ધારૂપ કેસર મિશ્રિત ચંદનરસ વડે, શુદ્ધ આત્મરૂપ દેવની નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપી નવ અંગો પૂજા કર.

<u>ભાવાર્થ (શ્લોક ૧-૨)</u>

ગ્રંથકારશ્રી આ ભાવપૂજા અષ્ટકમાં, મુનિમહારાજે કેવી ભાવપૂજા કરવી તે યોગ્ય રૂપકો દ્વારા જણાવે છે.

જિનમંદિરમાં શ્રાવકો દ્રવ્યપૂજા કરે છે, પણ એ દ્રવ્યપૂજા ભાવપૂજામાં પરિણમવી જોઈએ. એટલે જ દેરાસરમાં જલ, ચંદન, કેસર, પુષ્પ વગેરેથી દ્રવ્યપૂજા કર્યા પછી <u>ચૈત્યવંદનરૂપી ભાવપૂજા કરવાની હોય છે.</u>

દ્રવ્યપૂજામાં જલ, કેસર, પુષ્પ વગેરેની પૂજામાં એકેન્દ્રિય જીવોની હિંસાનો દોષ રહેલો હોવા છતાં તેમાં હિંસાનો આશય નહિ હોતો.
પૂજા માટે ઘરે સ્નાન કરવામાં હિંસા રહેલી હોવા છતાં તેમાં હિંસાનો

શ્લોક ૨૯-૧/૨૯-૨

આશય નહિ હોતો. પૂજા માટે ધારણ કરેલા સુશોભિત વસ્ત્રો રાગનું કારણ બનતું હોવા છતાં રાગ કરવાનો આશય નહિ હોતો. આશય હોય છે જિનેશ્વર ભગવાનની પૂજાભક્તિ કરવાનો. વળી દ્રવ્યપૂજા કરનારની કક્ષા શ્રાવકની હોય છે, જેમાં બાળકો અને બાળજીવો પણ હોય છે. તેમને ધર્મમાર્ગે ચઢાવવા માટે દ્રવ્યપૂજાનું વિધાન છે.

મુનિમહારાજે પાંચ મહાવ્રત ધારણ કરેલા હોય છે. તેમને સ્નાન કરવાનું નહિ. તેમને જલ, કેસર, ચંદન વગેરેથી દ્રવ્યપૂજા પણ કરવાની નહિ. તેઓ શ્રાવકની કક્ષા કરતાં ઊંચે બિરાજે છે.

શ્રાવકો સ્નાનશુદ્ધિ વગર દેરાસરનાં ગભારામાં દાખલ થઈ શકતા નથી. પરંતુ મુનિમહારાજ સ્નાન ન કરતાં હોવા છતાં ગભારામાં દાખલ થઈ શકે છે એ એમની ઉચ્ચ આત્મદશા બતાવે છે.

સાધુ મહારાજે દ્રવ્યપૂજા કરવાની હોતી નથી એમ છતાં ક્યાંય મુનિને એમ થવું ન જોઈએ અને ન જ થાય કે પોતે કશું ગુમાવ્યું છે. એટલા માટે પૂ. યશોવિજયજીએ સરસ રૂપક બતાવીને કહ્યું છે કે મુનિમહારાજ પોતાની ભાવપૂજાને જ મનથી દ્રવ્યપૂજામાં રૂપાંતરિત કરે તો એમને બંને લાભ મળે.

શ્રાવકની દ્રવ્યપૂજાની ક્રિયા નીચે પ્રમાણે છે:-

(૧) શ્રાવક સ્નાન કરે છે (૨) ઉજ્જવળ વસ્ત્ર ધારણ કરે છે.
(૩) તિલક કરે છે. (૪) કેસરમિશ્રિત ચંદન ઘસે છે (૫) ભગવાનની પ્રતિમાની નવ અંગે પૂજા કરે છે.

આ પાંચ વસ્તુ સાધુ મહારાજની ભાવપૂજામાં કેવી રીતે ઘટાવી શકાય? તો કહે છે કે હે ઉત્તમ જન!

(૧) 'દયા'ના પાણીથી સ્નાન કર.
બીજાના પ્રાણોની રક્ષા કરવી તે દ્રવ્યદયા અને પોતાના પ્રાણોને વિભાવદશામાં જતાં રોકીને તેની રક્ષા કરવી તે ભાવદયા. આમ દ્રવ્યદયા અને ભાવદયા પાળીને તું નિર્મળ થા.

(૨) 'સંતોષ' ગુણરૂપી જે ઉજ્જવળ શુદ્ધ વસ્ત્રો છે તેને ધારણ કર. જેમ દ્રવ્યપૂજામાં ઉજ્જવળ વસ્ત્રો પહેરવામાં આવે છે તેમ ભાવપૂજામાં સંતોષરૂપી વસ્ત્ર પહેરીને પૌદ્ગલિક સુખોની ઇચ્છાઓનો અભાવ કરી તું આત્માની પૂજા કર

(૩) હવે તું 'વિવેક'નું તિલક કરી લે.
વિવેક કોને કહેવાય? સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય, સ્વગુણો અને પરગુણો; સ્વ-ઉપકારી અને સ્વ-અનુપકારી શું? આમ સ્વ-પરનો

# ૨૯: ભાવપૂજા

શ્લોક ૨૯-૧/૨૯-૨ P.368

વિભાગ કરીને, સ્વનો સ્વીકાર કરવો અને પરનો ત્યાગ કરવો તે વિવેક. આ વિવેકને તિલકની ઉપમા આપીને કહે છે કે જેમ દ્રવ્યપૂજામાં કપાળમાં તિલક કરાય છે તેમ ભાવપૂજામાં વિવેકગુણ હોવો જરૂરી છે.

(૪) હવે ભક્તિનું કેસર શ્રદ્ધાના ચંદનથી ઘસીને આત્માની પૂજા કર.

(૫) તારા દેહરૂપી મંદિરમાં બિરાજમાન શુદ્ધાત્મારૂપી દેવની નવ અંગી પૂજા કરવાની છે. નવ પ્રકારના બ્રહ્મચર્ય એ શુદ્ધાત્માના નવ અંગ છે.

સાધુ બ્રહ્મચર્યની નવ વાડ વડે પોતાનામાં રહેલા પરમાત્માની નવ અંગી પૂજા કરે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૬મા અધ્યયનમાં કહેલી શીલની નવ વાડનું પાલન અનિવાર્ય (જરૂરી) છે. આ નવ વાડ નીચે પ્રમાણે છે:

(૧) મહાવ્રતધારી સાધુએ સ્ત્રીની સાથે એકાંતમાં ન રહેવું
(૨) સ્ત્રીનાં અંગો ન નિહાળવાં.
(૩) સ્ત્રીઓની કથા વાર્તા ન કરવી
(૪) પૂર્વે ભોગવેલા ભોગો યાદ ન કરવા
(૫) સ્ત્રી બેઠી હોય કે સૂતેલી હોય એવા આસન પર બે ઘડી (૪૮ મિનિટ) બેસવું નહિ
(૬) વિકાર થાય એવું ભોજન કરવું નહિ
(૭) શૃંગાર રસ યુક્ત ગીત, વિલેપન કરવા નહિ તથા નૃત્ય, નાટક નિહાળવા નહિ
(૮) ભૂખ કરતાં અધિકું ખાવું નહિ.
(૯) બાજુમાં ભીંત આડે સ્ત્રી પુરુષ રહેતાં હોય તો તેમના શબ્દો સાંભળવા

આ નવવિધ વાડ એ શુદ્ધાત્માના નવ અંગ છે. એની પૂજા કરવાની હોય છે. શ્રાવકો જિનપ્રતિમાની પૂજા અમુક જ સ્થળે અને અમુક સમયે જ કરવાની હોય છે. મુનિની ભાવપૂજા નિરંતર હોય છે. એ માટે સ્થળ અને સમયનું કોઈ બંધન નથી.

ક્ષમાપુષ્પસ્રજં ધર્મ - યુગ્મક્ષૌમદ્વયં તથા
ધ્યાનાભરણસારં ચ તદંગે વિનિવેશય (૨૯-૩)

શબ્દાર્થ: ક્ષમાપુષ્પસ્રજં = ક્ષમારૂપી ફૂલની માળાને; ધર્મયુગ્મક્ષૌમદ્વયં = નિશ્ચય અને વ્યવહાર ધર્મરૂપ બે વસ્ત્ર; તથા = અને; ધ્યાનાભરણસારં = ધ્યાનરૂપી શ્રેષ્ઠ અલંકાર; ચ = અને; તદંગે = તેના અંગે; વિનિવેશય = પહેરાવ

શ્લોકાર્થ: તેના (આત્માના) અંગે ક્ષમારૂપી ફૂલની માળા, નિશ્ચય અને વ્યવહાર ધર્મરૂપ બે વસ્ત્ર અને ધ્યાનરૂપ શ્રેષ્ઠ અલંકાર પહેરાવ.

ભાવાર્થ: મુનિ મહારાજ પાસે ક્ષમારૂપી પુષ્પો છે. આત્મદેવના ગળામાં, ક્ષમાનાં પુષ્પોની માળા ગુંથીને આરોપવાની છે. સાધુ ક્ષમાના ધારનાર હોવા જોઈએ. એટલેતો વંદન વખતે આપણે બોલીએ છીએ 'ઈચ્છામિ ખમાસમણો (ક્ષમાશ્રમણો)'. સાધુ જેટલી વાર જરૂર પડે એટલીવાર ક્ષમા આપનાર અને માંગનાર હોય છે. ક્ષમા સાધુનો સૌથી પહેલો ગુણ છે.

શ્રાવક જિનપ્રતિમાની પૂજા કર્યા પછી ભક્તિભાવના વસ્ત્રરૂપી અંગરચના કરે છે. સાધુ માટે પોતાના આત્મારૂપી પરમાત્માની અંગરચના હોય છે. અંગરચનામાં તેઓ નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ રૂપી બે વસ્ત્ર પહેરાવે છે. વ્યવહારધર્મ તે આવશ્યકાદિ ક્રિયાઓ છે અને આત્માના પરિણામ રૂપી નિશ્ચયધર્મથી આત્મસ્વરૂપનું ભાવન કરવાનું છે.

અંગરચના પછી જિનપ્રતિમાને અલંકારોથી સુશોભિત, મનોહર બનાવવામાં આવે છે. સાધુ પાસે ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી અલંકારો છે. તેનાથી તે આત્માની અંગરચના કરે છે.

ટૂંકમાં આત્માનું પૂજન નીચે પ્રમાણે કરવાનું.

(૧) ક્ષમાનાં પુષ્પોની માળા પહેરાવવાની

(૨) નિશ્ચય અને વ્યવહાર ધર્મના વસ્ત્ર પહેરાવવાના
નીચેનું વસ્ત્ર તે વ્યવહાર ધર્મ છે અને ઉપરનું વસ્ત્ર નિશ્ચયધર્મ છે.

(૩) ધર્મધ્યાન અને શુક્લધ્યાનના અલંકાર પહેરાવવાના.

# ૨૯ - ભાવપૂજા



મદસ્થાનભિદાત્યાગૈ: લિખાગ્રે ચ અષ્ટમંગલમ્
જ્ઞાનાગ્નૌ શુભસંકલ્પ કાકતુણ્ડં ચ ધૂપય (૨૯-૪)

<u>શબ્દાર્થ</u>: મદસ્થાનભિદાત્યાગૈ: = મદસ્થાનોના ભેદોનો ત્યાગ કરવા વડે, લિખ = આલેખ; અગ્રે = આગળ; ચ = અને; અષ્ટમંગલમ્ = આઠ મંગળને; જ્ઞાનાગ્નૌ = જ્ઞાનરૂપી અગ્નિમાં; શુભસંકલ્પ = શુભ સંકલ્પરૂપી, કાકતુંડ = કૃષ્ણાગરુ, ચ = અને, ધૂપય = ધૂપ કર

<u>શ્લોકાર્થ</u>: પોતાની (આત્માની) આગળ મદસ્થાનના (આઠ) ભેદોનો ત્યાગ કરવા વડે આઠ મંગળ આલેખ અને જ્ઞાનરૂપી અગ્નિમાં શુભ સંકલ્પરૂપી કૃષ્ણાગરુનો ધૂપ કર.

<u>ભાવાર્થ</u>: જૂના કાળમાં પાટલા ઉપર ચોખા (Rice) વડે આઠ મંગલ આકૃતિઓ દોરવામાં આવતી. આઠ મંગલના નામ આ પ્રમાણે છે; સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક (શરાવસંપુટ), કળશ, સિંહાસન (ભદ્રાસન), મત્સ્યયુગલ અને દર્પણ.

ધીમે ધીમે સમય જતાં અષ્ટમંગલ દોરેલા પાટલા આવ્યા. હાલમાં પાટલાને બદલે ધાતુની નાની પાટલી આવી. આવી પાટલીઓ ઉપડી જવાના ડરથી ગભારાની બહારને બદલે અંદર મૂકવા લાગી છે. એની પૂજા - આલેખનના પ્રતીક તરીકે - કરવાની હોય છે.

દ્રવ્યપૂજામાં આ આઠ મંગલનું આલેખન કરવાનું હોય છે, પરંતુ અહીં મુનિને કહેવામાં આવ્યું છે કે <u>આઠ મદનો ત્યાગ એ જ આઠ મંગલ રૂપ છે.</u>

મદ એટલે ગર્વ અથવા અભિમાન. તેના આઠ પ્રકાર છે. <u>જાતિમદ, કુળમદ, શરીરમદ, બળમદ, લાભમદ, બુદ્ધિમદ, તપમદ અને જ્ઞાનમદ.</u>

મુનિની ભાવપૂજામાં અષ્ટમંગલની પૂજા એટલે આ આઠ ભાવમંગલના પ્રતીક તરીકે આઠ પ્રકારના મદનો ત્યાગ કરવાનો હોય છે. ચારિત્રના પાલનમાં ઘણા આગળ વધ્યા હોય છતાં મદનો એટલે કે માનકષાયનો ત્યાગ ઘણો દુષ્કર છે.

હવે કરવાની છે ધૂપ પૂજા.

ધૂપ તરીકે સુગંધિ કૃષ્ણાગરુનો ઉપયોગ થાય છે.

શ્લોક (૨૯-૪)

તો છે શુભ સંકલ્પો. જ્ઞાનરૂપી અગ્નિમાં શુભ સંકલ્પરૂપી કૃષ્ણાગરુ ધૂપ નાંખીને આત્મમંદિરમાં સુવાસ ફેલાવવાની છે. અહીં આત્માની ઊંચી દશાની વાત કરવામાં આવી છે.

અહીં શુભ સંકલ્પ-વિકલ્પો, શુભ અધ્યવસાયોનો પણ ત્યાગ કરવાનો છે, કારણ કે તે પુણ્યબંધના કારણભૂત છે. મુનિએ નિર્વિકલ્પ દશામાં જવા માટે પુણ્યબંધના નિમિત્તોનો પણ ત્યાગ કરવાનો છે. તેથી શુભ સંકલ્પોરૂપી કૃષ્ણાગરુ ધૂપ જ્ઞાન અગ્નિમાં બાળી નાખ. આમ ભાવપૂજા- ધૂપ-પૂજા કર. અશુભ સંકલ્પો પાપબંધ કરાવે અને શુભ સંકલ્પો પુણ્યબંધ કરાવે. પરંતુ અંતે તો બન્ને સંકલ્પો બંધ જ કરાવે છે અને બંધ હેય છે. (છોડવા જેવું છે.)

તેથી સર્વથા કર્મરહિત અવસ્થા અને શુદ્ધ, બુદ્ધ, વીતરાગ અવસ્થાવાળી સ્થિરદશા પ્રાપ્ત કરવી હોય ત્યારે પુણ્યબંધના હેતુવાળા શુભસંકલ્પો પણ છોડવાના હોય છે.

માટે હે આત્મા! તું જાગ, જ્ઞાનદશા પ્રાપ્ત કર અને જ્ઞાનના બળ વડે શુભસંકલ્પોનો પણ ત્યાગ કર.

પ્રાગ્ધર્મલવણોત્તારં ધર્મસંન્યાસવહ્નિના
કુર્વન્ પૂરય સામર્થ્યં રાજન્નીરાજનાવિધિમ્ (૨૯-૫)

<u>શબ્દાર્થ</u>: પ્રાગ્ધર્મ = પૂર્વના ધર્મ (ક્ષાયોપશમિક વગેરે ધર્મ) રૂપ; લવણોત્તારં = લવણ ઉતારવું; ધર્મસંન્યાસ = ધર્મસંન્યાસરૂપી; વહ્નિના = અગ્નિ વડે; કુર્વન્ = કરીને; પૂરય = પૂર્ણ કર. સામર્થ્ય = સામર્થ્યયોગ; રાજન્ = શોભતી; નીરાજના = આરતી; વિધિમ્ = વિધિ

<u>શ્લોકાર્થ</u>: ધર્મસંન્યાસરૂપી અગ્નિ વડે પૂર્વના ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારતા સામર્થ્યયોગરૂપી શોભતી આરતીની વિધિ પૂર્ણ કર.

<u>ભાવાર્થ</u>: દ્રવ્યપૂજાવિધિમાં ધૂપપૂજા અને અષ્ટમંગલના આલેખન પછી લૂણ ઉતારવાની અને આરતી ઉતારવાની વિધિ હોય છે. <u>પરમાત્મા ઉપર કરેલી ભવ્ય અંગરચનાઓમાં કોઈની દૃષ્ટિ દોષ ન લાગી જાય એટલે લૂણ ઉતારવાની વિધિ કરવામાં આવે છે.</u> લવણને અગ્નિ ઉપર ફેરવીને બાળી નાખવામાં આવે છે. ત્યારબાદ ધર્મનું આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું તેના આનંદરૂપે આરતી ઉતારવામાં આવે છે. અહીં ભાવપૂજામાં પણ આ વસ્તુ સમજાવી છે.

ધર્મસંન્યાસ એ અગ્નિ છે.

ઔદયિક ધર્મ અને ક્ષાયોપશમિક ધર્મ એ લવણ છે.

સામર્થ્યયોગ એ આરતી છે.

યોગ એટલે આત્માને મોક્ષની સાથે જોડે તે.

તે યોગ ત્રણ પ્રકારના છે. <u>ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.</u>

ધર્મ કરવાની પ્રબળ ઇચ્છા તે <u>ઇચ્છાયોગ</u>.

શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેના વચનો પ્રમાણે ધર્મ કરવો તે <u>શાસ્ત્રયોગ</u>.

સ્વયં આત્માનું એવું સામર્થ્ય પ્રગટે કે જ્યાં શાસ્ત્રોનું આલંબન ન લેવું પડે તે <u>સામર્થ્યયોગ</u>.

<u>આ સામર્થ્યયોગ આઠમા ગુણસ્થાનકે જ આવે છે.</u>

તેના બે ભેદ છે: (1) ધર્મસંન્યાસ સામર્થ્યયોગ અને (2) યોગસંન્યાસ સામર્થ્યયોગ

સંન્યાસ એટલે ત્યાગ. અજ્ઞાન, અસંયમ, કષાય, વાસનાઓ વગેરેનો ત્યાગ તે ધર્મસંન્યાસ કહેવાય. આ ત્યાગ કરવો એનું નામ 'લવણ' ઉતારવું. આવો ધર્મસંન્યાસ પાંચમા-છઠ્ઠા

ગુણસ્થાનકે રહેલા શ્રાવક અને સાધુનો હોય.

ધર્મસંન્યાસના અગ્નિમાં ક્ષાયોપશમિક ધર્મોને નાંખીને ભૂક્કા ઉતારવાનું. ત્યારે પહેલું કાર્ય સાધક બને છે.

જિમ જિમ તડ તડ ભૂક્કા જ છૂટે
તિમ તિમ અશુભ કર્મબંધ તૂટે.

ક્ષપકશ્રેણિમાં ક્ષમા-આર્જવ-માર્દવ વગેરે ક્ષાયોપશમિક ધર્મોથી યોગી નિવૃત્ત થાય છે.

સામર્થ્યયોગ ક્ષપકશ્રેણિમાં હોય છે. તેના બે પ્રકાર છે.
ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ.

યોગનો સંન્યાસ એટલે યોગનો ત્યાગ. મન-વચન-કાયાદિના કાર્યોનો ત્યાગ. જો કે આ ત્યાગ કેવળજ્ઞાની ભગવંતો કરે છે. આપણે તો માત્ર તેના કલ્પનાલોકમાં થોડીક ક્ષણો માટે એ કેવળજ્ઞાનીઓની દુનિયાનો આસ્વાદ અનુભવવાનો છે.

સ્ફુરન્ મંગલદીપં ચ સ્થાપયાનુભવં પુરઃ
યોગનૃત્યપરઃ તૌર્ય-ત્રિક સંયમવાન્ ભવ (૨૯-૫)

<u>શબ્દાર્થ</u>: સ્ફુરન્ = સ્ફુરાયમાન; મંગલદીપ = મંગળ દીવાને; સ્થાપય = સ્થાપન કર; અનુભવં = અનુભવરૂપ; પુરઃ = આગળ; યોગનૃત્યપરઃ = યોગરૂપ (સંયમ યોગરૂપ) નૃત્યપૂજામાં તત્પર; તૌર્યત્રિક = ત્રણ (ગીત, નૃત્ય અને વાજિંત્ર)નો સમૂહ; સંયમવાન્ = સંયમવાળો; ભવ = થા

<u>શ્લોકાર્થ</u>: અનુભવરૂપી સ્ફુરાયમાન (ઝળહળતા) મંગળદીવાને સ્થાપન કર. (સંયમ) યોગરૂપી નૃત્યપૂજામાં તત્પર થઈને ત્રણ (ગીત, નૃત્ય અને વાજિંત્ર)ની એકતાના જેવા સંયમવાળો થા.

<u>ભાવાર્થ</u>: દેરાસરમાં પૂજાવિધિમાં આરતી પછી મંગળદીવો હોય છે. મુનિને ભાવપૂજામાં અનુભવજ્ઞાનરૂપ સ્ફુરાયમાન મંગળદીવો સ્થાપન કરવાનું કહેવામાં આવ્યું છે. અનુભવ જ્ઞાનાત્મક હોવાથી પ્રકાશાત્મક છે. આ મંગળદીવો આપણે પોતાના શુદ્ધ પરમાત્મ સ્વરૂપ આતમદેવ આગળ સ્થાપવાનો છે. <u>મંગળદીવો અનુભવજ્ઞાનનું પ્રતીક છે.</u> અનુભવજ્ઞાનમાં ઘણી તરતમતા છે. કેવળી ભગવંતને કેવળજ્ઞાન થાય તે પહેલાની તરતની દશારૂપ અનુભવજ્ઞાનનો અહીં નિર્દેશ છે.

પૂજાવિધિમાં મંગળદીવો પછી ઉત્સાહ અને ઉલ્લાસની અભિવ્યક્તિરૂપે ગીત, નૃત્ય અને વાજિંત્ર એ ત્રણ વડે ઉત્સવ થાય છે. એમાં એ ત્રણે પરસ્પર સુસંવાદી હોય છે. એ <u>ત્રણેની એકતા એટલે ધારણા, ધ્યાન અને સમાધિની એકતા.</u> <u>આ ત્રણેની એકતારૂપી સંયમમાં જ્ઞાની ભગવંતે લીન થવાનું છે.</u> આ આત્મદેવની (આત્માની) પૂજા છે. અહીં યોગની ઉચ્ચતમ ભૂમિકા બતાવવામાં આવી છે. આત્મસાધનાનો આ ઉચ્ચતમ અનુભવ છે.

# ૨૯- ભાવપૂજા અષ્ટક

ઉલ્લસન્મનસઃ સત્યઘંટાં વાદયતસ્તવ
ભાવપૂજારતસ્યોચ્ચૈઃ કરક્રોડે મહોદયઃ (૨૯-૭)

**શબ્દાર્થ:** ઉલ્લસન્મનસઃ = ઉલ્લસિત મનવાળા, સત્યઘંટાં = સત્યરૂપી ઘંટ, વાદયતઃ = વગાડતાં, તવ = તારો, ભાવપૂજા = ભાવપૂજા, રતસ્ય = રત થયેલા, ઉચ્ચૈઃ = એમ, કરક્રોડે = હથેળીમાં, મહોદય = મોક્ષ.

**શ્લોકાર્થ:** ઉલ્લસન્મનસઃ એટલે ઉલ્લસિત મનવાળા, સત્યરૂપી ઘંટ વગાડતા અને ભાવપૂજામાં લીન એવા તને હથેળીમાં મોક્ષ છે.

**ભાવાર્થ:** જિનાલયમાંથી નીકળતા ઘંટ વગાડવાનો વ્યવહાર છે. પોતે ઘણા જ ભાવોલ્લાસથી કરેલી આ દ્રવ્યપૂજા નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે. જિનેશ્વરની જલ, કેસર (ચંદન), પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય એમ અષ્ટપ્રકારી પૂજા કરી, આરતી મંગળદીવો ઉતારી, ચૈત્યવંદન ઈત્યાદિ કરી - એમ બધી પૂજાવિધિ કર્યા પછી છેલ્લે બહાર નીકળતાં પહેલા ઉલ્લાસના પ્રતીકરૂપે ઘંટ વગાડે છે. ઘંટનાદ પૂજા કરનારનો આનંદોલ્લાસ દર્શાવે છે.

સાધુ મહારાજથી દેરાસરમાં ઘંટ વગાડાય નહિ, છતાં ગૃહસ્થ શ્રાવકો કરતાં એમનો આનંદોલ્લાસ ઘણો ચઢિયાતો હોય છે. ભગવાનના દર્શન કરીને તેમનું મન ઉલ્લસિત હોય છે. તેઓ પોતાના અંતરમાં સત્યરૂપી ઘંટ વગાડે છે.
જ્યાં સત્ય છે ત્યાં એનો દિવ્ય રણકાર સંભળાય છે. સાધુના જીવનમાં આંતર-બાહ્ય એકતારૂપ સત્ય છે. રાગદ્વેષથી રહિતપણાનું સત્ય છે, અભેદ પરબ્રહ્મનું સત્ય છે.
આ સત્યરૂપી ઘંટ અંતરમાં સ્વયંભૂ (by itself) વાગે છે. એમાંથી ચહેરા ઉપર જે ઉલ્લાસ પથરાય છે તે છાનો રહેતો નથી.
ઘંટ ઉલ્લાસનું પ્રતીક છે. તેમ જાહેરાતનું, બીજા લોકોને જાણ કરવાનું, ઢંઢેરાનું પણ પ્રતીક છે. અહીં પરમાત્મસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરવાનો ઢંઢેરો છે.
એટલે જ ઉપાધ્યાયજી મહારાજ, ભાવપૂજાના સાધક મુનિમહારાજને કહે છે કે ભાવપૂજાની સાચી સમજણ હશે તો મહોદય એટલે કે મોક્ષ તમારી હથેળીમાં છે.

## ૨૯- ભાવપૂજા

દ્રવ્યપૂજા ઉચિતા ભેદો – પાસના ગૃહમેધિનામ્
ભાવપૂજા તુ સાધુનામ્, અભેદોપાસનાત્મિકા (૨૯-૮)

<u>શબ્દાર્થ</u>: દ્રવ્યપૂજા = દ્રવ્યપૂજા, ઉચિતા = યોગ્ય છે, ભેદોપાસના = ભેદપૂર્વક (વિવિધ પ્રકારે) ઉપાસનારૂપ, ગૃહમેધિનામ્ = ગૃહસ્થોને માટે, ભાવપૂજા = ભાવપૂજા, તુ = પરંતુ, સાધુનામ્ = સાધુઓ માટે, અભેદોપાસનાત્મિકા = અભેદ ઉપાસનારૂપ.

<u>શ્લોકાર્થ</u>: ગૃહસ્થોને ભેદપૂર્વક ઉપાસનારૂપી દ્રવ્ય પૂજા યોગ્ય છે અને સાધુઓને માટે અભેદ-ઉપાસનારૂપ ભાવપૂજા ઉચિત છે.

<u>ભાવાર્થ</u>: દ્રવ્યપૂજાના અધિકારી કોણ? અને ભાવપૂજાના અધિકારી કોણ? અને શા માટે? આ વિષય આ શ્લોકમાં સમજાવેલ છે.

જેને જે ફાવે તે પૂજા કરવાની નહિ. પોતાની યોગ્યતા અનુસાર પૂજા કરવાની. આત્માના વિકાસના આધારે પૂજા કરવાની. યોગ્યતા ન હોય તે પૂજા કરવાથી લાભને બદલે નુકશાન થવાની સંભાવના છે.

પંચ <u>મહાવ્રતધારી</u> સાધુ મહા<u>રાજોને જિનેશ્વર ભગવાનની પ્રતિમાની દ્રવ્યપૂજા હોતી નથી</u>, કારણ કે તેમાં આરંભ-સમારંભ હોય છે. તેઓને તો માત્ર ભાવપૂજા હોય છે.

ક્રિયારુચિવાળા જીવને દ્રવ્યપૂજા ગમે છે. તે શ્રદ્ધાપૂર્વક કરવાની હોય છે. સાધુઓએ શ્રાવકપણામાં આવી દ્રવ્યપૂજા કરી હોય છે. સાધુઓ પણ પોતાની ભાવપૂજામાં રૂપકશૈલીએ ઉચ્ચ આધ્યાત્મિક અર્થમાં દ્રવ્યપૂજાને કેવી રીતે વણી લઈ શકે છે તેનું સરસ નિરૂપણ આ અષ્ટકમાં કરવામાં આવ્યું છે. કોઈ સાધુ મહારાજને શ્રાવકપણાના સંસ્કારને લીધે દ્રવ્યપૂજાના ભાવ કે અભિલાષા થાય તો તેમને માટે અહીં ભાવપૂજામાં દ્રવ્યપૂજાનું સરસ આયોજન કરવામાં આવ્યું છે.

સાધુને ભાવપૂજા કરવાની હોય છે. પરંતુ શ્રાવકો તો જળ, ચંદન, પુષ્પાદિ વડે દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન દ્વારા ભાવપૂજા પણ કરે છે. આમ શ્રાવકોને બંને પ્રકારની પૂજાનો લાભ મળે છે, જ્યારે સાધુઓને ફક્ત ભાવપૂજાનો જ લાભ મળે છે. તો એકંદરે શ્રાવકોને વધુ લાભ મળે છે એમ ન કહેવાય?

ના, કારણકે શ્રાવકોની ભાવપૂજા અને સાધુઓની ભાવપૂજા વચ્ચે ફરક છે. શ્રાવકોની ભાવપૂજા એ ભેદોપાસના છે. સાધુઓની ભાવપૂજા તો અત્યંત ચઢિયાતી છે. કારણકે તે અભેદોપાસના છે.

ભેદોપાસનામાં ભક્ત અને ભગવાન વચ્ચે ભેદ છે. તીર્થંકર ભગવાન ઉપાસ્ય છે અને શ્રાવક ઉપાસક છે. ભગવાન સેવ્ય છે અને શ્રાવક સેવક છે. એ ધ્યેય છે અને પોતે ધ્યાતા છે. આ ભેદ ભગવાન અને ગૃહસ્થ ભક્ત વચ્ચે રહેલો છે. ગૃહસ્થ શ્રાવકો પરમાત્માનું આલંબન લઈ દ્રવ્યપૂજા અને ભાવપૂજા કરે છે.

સ્તવન, ચૈત્યવંદન વડે ભગવાનના ગુણકીર્તનરૂપ અને એમના ગુણો પ્રત્યે બહુમાનપૂર્વક, ગીત, ચામર નૃત્ય આદિ શ્રાવક દ્વારા કરાતી ભાવપૂજા સવિકલ્પ છે. આવી ભાવપૂજા "ભાવોપનીત માનસ" પૂજા કહેવાય છે. એમાં મનના ભાવો ઉચ્ચ કોટિના હોવા છતાં, "હું તો ભક્ત અને મારા ઉપાસ્ય તે તીર્થંકર પરમાત્મા", એવો બે વચ્ચે ભેદ રહે છે.

જ્ઞાની સાધુભગવંતોની 'અભેદોપાસના રૂપ ભાવપૂજા' ને "ક્ષાયિકી" ભાવપૂજા કહેવાય છે. આ ભાવપૂજા નિર્વિકલ્પ ઉપયોગવાળી હોય છે. એમાં અરિહંત પરમાત્માના ગુણો સાથે પોતાના આત્માના ગુણોની એકતા અનુભવાય છે.

ભેદોપાસના કરતાં અભેદોપાસનાનો આનંદ ઘણો ચઢિયાતો, અનિર્વચનીય હોય છે.

અરિહંત પરમાત્માના ગુણોનું સ્મરણ કરવું, ગુણો ઉપર બહુમાન કરવું, તેમાં જ લીન થવા રૂપ સવિકલ્પ એવી ભાવપૂજા ગૃહસ્થોને પણ હોય છે. ગૃહસ્થોને એક સાવદ્ય એવી દ્રવ્યપૂજા અને બીજી પ્રશસ્ત રાગાદિ ભાવવાળી સવિકલ્પ ભાવપૂજા હોય છે. જ્યારે મુનિઓને નિરવદ્ય (પાપ વિનાની) અને પ્રશસ્ત રાગાદિભાવ વિનાની એવી નિર્વિકલ્પ ભાવપૂજા જ એકલી હોય છે.

જેઓએ ભેદોપાસના કરી નથી તેઓ સીધા અભેદોપાસનાની પ્રાપ્તિ કરી શકતા નથી. એટલે આરંભમાં ભેદોપાસના આવશ્યક છે. જેમ જેમ ભેદોપાસના ઉચ્ચ સ્વરૂપની બનતી જાય તેમ તેમ સાધક અભેદોપાસનાની નજીક આવે છે.